પ્રાપ્તિ તારીખઃ ૨૫/૧૦/૨૦૧૬.
નોંધ્યા તારીખઃ ૨૫/૧૦/૨૦૧૬.
ફેંસલ તારીખઃ ૦૧/૦૭/૨૦૨૬.
સમયઃ વર્ષ માસ દિવસ.
૦૯ ૦૮ ૦૬

सत्यमेव जयते

## મે. માંગરોલના ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં.મુ.માંગરોલ

ફોજદારી કેસ નંબર : ૨૦૯૧/૨૦૧૬.
આંક : – ૫૯

| | | |
|---|---|---|
| ફરીયાદી | | શ્રી સરકાર |
| | | વિરૂધ્ધ |
| આરોપીઓ | ૧ | મોસીન મામદ સમેજા<br>રહે. ઘરાનગર, વૈશાલી નગર શેરી નં. ૧,<br>તા.જી. જામનગર. |
| | ૨ | મનસુર સીદ્દીપ કંડાર<br>રહે. ઘરાનગર, વૈશાલી નગર શેરી નં. ૧,<br>તા.જી. જામનગર. |
| ગુન્હો | | ઇ.પી.કો.ક. ૩૭૯, ૧૧૪ મુજબ. |
| ફરીયાદપક્ષ | | વિદ્વાન એ.પી.પી. શ્રી એસ.આર. વસાવા. |
| બચાવપક્ષે | | વિદ્વાન વકીલ શ્રી એમ.ડી. વસાવા. |

**– ઠરાવ –**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હિકકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૧૪/૦૬/૧૬ ના કલાક ૧૮/૩૦ વાગે મોજે સિયાલજ ગામની હદમા ને.હા. નં. ૧ ની બાજુમા આવેલ તુલસી હોટલમા આ કામના ફરીયાદી પોતાનો કબજાનુ ટેન્કર નંબર GJ 5 AT 1557 મુકીને હોટલ ઉપર બનાવેલ બાથરૂમ ઉપર ન્હાવવા માટે ગયેલ અને પોતે દિવાલ ઉપર પહેરેલ જીન્સની પેન્ટમા રોકડા રૂ. ૯૫૦૦/– તથા મોબાઇલ ફોન મુકેલ તે વખતે આ કામના આરોપીઓ સાથે કાયદાના સંઘર્ષમા આવેલ કિશોરે ફરીયાદીએ જીન્સમા મુકેલ રોકડ રકમ તથા મોબાઇલ ફોન લઇ જઇ તથા તોહો મોસીન મામદ સમેજા તથા મનસુર સીદ્ધીપ કંડાર સાથે લાવેલ અમેઝ ગાડી નંબર GJ 10 BR 6903 મા બેસીડી ગાડી હંકારી જઇને એકબીજાની મદદગારી કરી પકડાઇ જઇ ગુનો આચરેલ, જેથી આરોપીઓ વિરુદ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ – ૩૭૯, ૧૧૪ હેઠળના ગુન્હા બાબતે ફરિયાદ નોંધવામાં આવેલ હતી.

(૨) આ કામના ફરિયાદીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં પોલીસે ગુનો રજીસ્ટર્ડ કરી તપાસના અંતે આરોપી વિરુદ્ધ ગુનાની ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજૂ કરેલ છે.

(૩) અદાલતમાં ચાર્જશીટ રજૂ થતાં આરોપીને સમન્સ કાઢવામાં આવતાં આરોપી નામ. કોર્ટમાં રૂબરૂ હાજર થતાં તેઓને તેમની વિરુદ્ધ પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ. ત્યારબાદ આરોપી સામેના ગુનાની વિગત વાંચી, સંભળાવી, સમજાવતા તેઓએ ગુનાનો ઈન્કાર કરતાં તેઓનું  નિવેદન નોંધવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪) ફરિયાદપક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવા**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ત.ક.અમલદાર અરવિંદભાઇ કાંતિલાલની જુબાની. | ૧૦ |
| ૨. | પંચ સાહેદ સૌકતખાન સરદારખાન પઠાણની જુબાની. | ૨૪ |
| ૩. | પંચ સાહેદ મજીદખાન સરદારખાન પઠાણની જુબાની. | ૨૭ |
| ૪. | સાહેદ ધર્મેન્દ્રસીહ ફતેહસીહ ઠાકોરની જુબાની. | ૫૦ |
| ૫. | સાહેદ ભારતસીહ ફતેહસીહ ઠાકોરની જુબાની. | ૫૧ |
| ૬. | સાહેદ કાસમઅલી શરીફભાઇ સેલીયાની જુબાની. | ૫૨ |

**દસ્તાવેજી પુરાવા**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૧ |
| ૨. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૨ |
| ૩. | આરોપીઓનું અટક પંચનામું | ૨૩ |
| ૪. | મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું | ૨૫ |

(૫) ફરીયાદપક્ષ તરફથી ઉપર મુજબનો સાક્ષી પુરાવો રજુ થયા બાદ આરોપીઓનો ક્રિ. પો. કોડની કલમ ૩૧૩ મુજબનો વધારાનો જવાબ નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ફરીયાદપક્ષના કેસનો ઈન્કર કરી વિશેષમાં જણાવેલ છે કે, તેઓ સામે ખોટી ફરીયાદ કરી ખોટી ચાર્જશીટ

કરેલાનું જણાવેલ છે. ત્યારબાદ બંને પક્ષનાં વિ.વ.શ્રી ઓની દલીલો સાંભળવામાં આવેલ છે. આ કામ જજમેન્ટ માટે રાખવામાં આવેલ છે.

(૬) કેસની હકીકતો બંને વિ.વ.શ્રીઓની દલીલો લક્ષમાં લેતાં આ કેસનાં નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થયા છે.

**– મુદ્દા –**

૧. શું ફરિયાદપક્ષ શંકાથી પર એ હકીકત પુરવાર કરી શકે છે કે, આ કામના આરોપીઓએ તા.૧૪/૦૬/૧૬ ના કલાક ૧૮/૩૦ વાગે મોજે સિયાલજ ગામની હદમા ને.હા. નં. ૧ ની બાજુમા આવેલ તુલસી હોટલમા આ કામના ફરીયાદી પોતાનો કબજાનુ ટેન્કર નંબર GJ 5 AT 1557 મુકીને હોટલ ઉપર બનાવેલ બાથરૂમ ઉપર ન્હાવવા માટે ગયેલ અને પોતે દિવાલ ઉપર પહેરેલ જીન્સની પેન્ટમા રોકડા રૂ. ૯૫૦૦/– તથા મોબાઈલ ફોન મુકેલ તે વખતે આ કામના આરોપીઓ સાથે કાયદાના સંઘર્ષમા આવેલ કિશોરે ફરીયાદીએ જીન્સમા મુકેલ રોકડ રકમ તથા મોબાઈલ ફોન લઈ જઈ તથા તોહો મોસીન મામદ સમેજા તથા મનસુર સીદ્ધીપ કંડાર સાથે લાવેલ અમેઝ ગાડી નંબર GJ 10 BR 6903 મા બેસીડી ગાડી હંકારી જઈને એકબીજાની મદદગારી કરી પકડાઈ જઈ ગુનો આચરેલ, જેથી આરોપીઓ વિરુદ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ – ૩૭૯, ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છેઃ

મુદ્દા નં.૦૧ : – નકારમાં

મુદ્દા નં .૦૨ : – આખરી હુકમ મુજબ

(૮) ઉપરોકત નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છેઃ ::

**– કા ર ણો –**

:: મુદ્દા નંબર : ૧ ની ચર્ચા.

(૮/૧) ફરીયાદપક્ષે આંક– ૧૦ થી ત.ક.અમલદાર અરવિંદભાઇ કાંતિલાલઓને તપાસવામાં આવેલ છે. તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, "તા.૧૪/૦૬/૨૦૧૬ ના રોજ હુ કોસંબા પો.સ્ટેમાં અ.હે.કો તરીકે ફરજ બજાવતો હતો તે દરમ્યાન પી.એસ.ઓ ખંડુભાઇ મગનભાઇ બ.ક.નં.૬૩૫ નાઓએ કોસંબા પો.સ્ટે ફર્સ્ટ ગુ.ર.નં.૧૨૧/૨૦૧૬ આઇ.પી.સી કલમ ૩૭૯,૧૧૪ મુજબની ફરીયાદ લઇ ગુનો રજી.કરી આગળની તપાસ અમોને સોંપતા ફરીયાદ વંચાણે લેતા ફરીયાદી શ્રી અજીતસિંહ સુર્યનારાયણ સિંગ નાઓએ આરોપી મોહસીન મોહમદ સમેદા તથા મનસુર સીદ્દીક કંડાર તથા કાયદાના સંઘર્સમાં આવેલ બાળક સમીરભુરા ફકીર વિરુધ ફરીયાદ આપેલ જે ફરીયાદ મને બતાવવામાં આવે છે જેમાં નીચે ફરીયાદી અજીતસિંહ અને પી.એસ.ઓ. કોસંબા પોસ્ટે નાઓની સહીઓ છે જે સહીઓ હુ ઓળખી બતાવુ છુ સદરહુ ફરીયાદની ઝેરોક્ષને બચાવપક્ષની સંમતિથી રજુ દખલ આંક– ૧૧ આપવામાં આવે છે. સદરહુ ફરીયાદની હકીકત વંચાણે લેતા કહેવાતો બનાવ તા. ૧૪/૦૬/૨૦૧૬ ના રોજ કલાક ૧૮.૩૦ દરમ્યાન મોજે સીયાલજ ગામની હદમાં ને.હા નં.૮ ઉપર આવેલ તુલશી હોટેલના

કમ્પાઉન્ડમાં ફરીયાદી પોતાનું વાહન પાર્ક કરી ફરીયાદીના જીન્સના પેન્ટમાં રોકડ રકમ તથા મોબાઈલ ફોન મુકેલ જે બાથરૂમની દિવાલ ઉપર મુકી નાહવા જતા ફરીયાદીની જીન્સની પેન્ટ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકે ચોરી કરી આરોપી ૧,૨ ની કારમાં બેસી નાશી ગયેલ તે ગુનાવાળી જગ્યાનું પંચનામુ અમોએ બે પંચોની રૂબરૂમાં કરેલ જે પંચનામુ મને બતાવવામા આવે છે જેમા નીચે બે પંચોની મારી રૂબરૂમાં સહીઓ છે જે સહીઓ હુ ઓળખી બતાવું છુ સદરહુ પંચનામાંની ઝેરોક્ષને બચાવ પક્ષની સંમતિથી ૧૨–આંક આપવામાં આવે છે. જે બાબતે ફરીયાદીના રોકડા રૂપિયા ૯૫૦૦/– તથા મોબાઈલ ફોન નંગ–૬ તેમજ હોન્ડા અમેઝ કાર –૧ મળી કુલ્લે રૂપિયા ૮,૦૮,૦૦૦/– નો મુદ્દામાલ કબજે કરેલ જે બંને તોહદારો વિરુધ ચાર્જશીટ કરવા પુરતા પુરાવા પડતા હોય ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી લાગતા વળતા સાહેદોના નિવેદનો લઇ બંને આરોપી વિરુધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે. આરોપીને જોયેથી ઓળખુ છુ.જે આજરોજ કોર્ટમાં હાજર નથી બચાવપક્ષે ઓળખની તકરાર જતી કેરલ હોવાનું જાહેર કરેલ છે."

સદરહુંસાહેદનીઆરોપીપક્ષતર્ફેઉલટતપાસકરવામાંઆવેલનથી.

(૮/૨) ફરીયાદપક્ષે આંક– ૨૪ થી પંચ સાહેદ સૌકતખાન સરદારખાન પઠાણઓને તથા આંક– ૨૭ થી પંચ સાહેદ નજીદખાન સરદારખાન પઠાણનાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, "પોલિસના માણસોએ તેઓને પોલિસ સ્ટેશને બોલાવેલ અને તેઓની સહીઓ કરાવેલી. શી બાબતની સહી કરાવેલ તે ખબર નથી. તેમને આંક– ૨૫ અને આંક– ૨૬ વાળા બે જુદા જુદા ઝેરોક્ષ પંચનામા બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે તેમાં પંચ તરીકે તેઓની સહીઓ છે. જે તેઓ ઓળખે છે."

સદરહું ફરીયાદી ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય, વિ.એ.પી.પી. શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષના કેસને મદદરૂપ પુરાવો આપેલ નથી.

સદરહું ફરીયાદીની આરોપીઓ તર્ફે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, પોલિસે તૈયાર લખેલા કાગળમાં મારી સહી કરાવેલ તેમાં શુ લખેલ હતુ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, હુ પોલિસ મારી હાજરીમાં ચોરીનો મુદ્દામાલ કબ્જે કરેલ નથી. એ વાત ખરી છે કે, પોલિસે મારી હાજરીમાં કોઈ ચોર ઈસમની ધરપકડ કરેલ નથી.

(૮/૩) ફરીયાદપક્ષે આંક– ૫૦ થી સાહેદ ધર્મેન્દ્રસીહ ફતેહસીહ ઠાકોરનાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, "બનાવ આજથી સાત આઠ વર્ષ પહેલા બનેલો. બનાવ વખતે હુ મારી હોટેલ તુલસી ગામ સીયાલજ પાટીયા ખાતે સાંજના પાંચેક વાગે હાજર હતો. તે વખતે હોટેલ ઉપર મારી સાથે ભરતસીહ ફતેહસીહ,નીલેશસીહ ફતેહસીહ અને બીજા લોકો હાજર હતા. અમારા હોટેલના કંમ્પાઉન્ડમાં ટ્રક ડ્રાઈવરોને નાહવા ધોવા માટે બાથરુમની વ્યવસ્થા કરેલ છે. અમારા કંમ્પાઉન્ડના બાથરુમમા એક ડ્રાઈવર નાહતો હતો તે સમયે એક ફોરવ્હીલ ગાડીમાં બે લોકો આવેલા અને ડ્રાઈવરે તેનુ પેન્ટ બાજુમાં મુકેલુ હતુ તે પેન્ટ ઉઠાવીને ગાડીમાં બેસી ભાગી ગયેલા.તે વખતે જ ટ્રકનો ડ્રાઈવર નાહતો હતો તેણે હોટેલના કાઉન્ટર ઉપર જાણ કરેલી તે સમયે અમારા હોટેલના મેનેજર કાસમઅલી અને મારા ભાઈ ભરતસીહનાઓને તે સમયે કમ્પાઉન્ડમાથી નીકળતી એક ફોરવ્હીલ ઉપર શંકા જતા તેનો પીછો કરેલો.ત્યારબાદ ભરતભાઈએ મને પોલીસ સ્ટેશનેથી ફોન કરતા હુ પોલીસ સ્ટેશન ગયેલો.ત્યા મને ભરતભાઈએ જણાવેલ કે જે

ગાડીનો પીછો કરેલો તે ગાડી મહુવેજ ગામની સીમમાં આવેલી મહાદેવ હોટેલ ઉપર પણ ચોરી કરવાનુ પ્રયાસ કરતા હતા તે વખતે તેઓને પકડી પાડી પોલીસ સ્ટેશને લાવેલા છે. અમોએ શોધખોળ કરતા હાઇવે ઉપરથી ડ્રાઇવરનુ પેન્ટ મળી આવેલુ જેમાં ડ્રાઇવરનુ લાયસન્સ મળી આવેલુ પરંતુ તેમાં પૈસા હતા નહી.પોલીસે મારી પુછપરછ કરેલી. બનાવને ઘણો સમય થઇ ગયેલ હોય ચોરી કરનાર ઇસમોને જોયે ઓળખી શકુ નહી."

સદરહું ફરીયાદીની આરોપીઓ તર્ફે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ વખતે હુ મારી હોટેલમાં અંદરની બાજુએ હતો. એ વાત ખરી છે કે હોટેલની અંદરથી બાથરુમ બાજુ કઇ વ્યક્તી શુ કરે છે તે જોઇ શકાય નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સીસીટીવી કેમેરા લગાડેલા છે. એ વાત ખરી છે કે મે આરોપીઓને ચોરી કરતા પકડેલા નથી. એ વાત ખરી છે કે હુ આરોપીને ઓળખી શકુ નહી.

(૮/૪) ફરીયાદપક્ષે આંક– ૫૧ થી સાહેદ ભારતસીંહ ફતેહસીંહ ઠાકોરનાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, "બનાવ આશરે સને ૨૦૧૭ કે ૨૦૧૮ ની સાલમા બનેલો.બનાવ વખતે હુ મારી હોટેલ તુલસી ગામ સીયાલજ પાટીયા ખાતે સાંજના પાંચ – સાડા પાંચ વાગે હાજર હતો. તે વખતે હોટેલ ઉપર મારી સાથે ધમેન્દ્રસીહ ફતેહસીહ,નીલેશસીહ ફતેહસીહ અને બીજા લોકો હાજર હતા. અમારા હોટેલના કંમ્પાઉન્ડમાં ટ્રક ડ્રાઇવરોને નાહવા ધોવા માટે બાથરુમની વ્યવસ્થા કરેલ છે. બનાવ વખતે એક ડ્રાઇવર નાહતો હતો તેનુ પેન્ટ ચોરાય ગયેલ હોવાની અને ચોર લોકો ફોરવ્હીલ ગાડીમાં ભાગેલા હોવાની હોટેલના કાઉન્ટર ઉપર જાણ કરેલી.જેથી અમોએ સીસીટીવી ચેક કરતા એક ફોરવ્હીલ ગાડી જેની પાછળ મોટા અક્ષરમા રામ લખેલુ હતુ તે ગાડી ઉપર શંકા ગયેલી. તે સમયે અમારા

હોટેલના મેનેજર કાસમઅલી અને હુ તે સમયે કંમ્પાઉન્ડમાથી નીકળતી ફોરવ્હીલ ક જેની પાછળ રામ લખેલુ હતુ તેનો પીછો કરેલો.અમારી હોટેલથી છ સાત કીમી આગળ જતા ધામદોડ પાવર સ્ટેશનની સામે રોડીની સાઇડમાં ઉપરોકત ગાડી પાર્ક કરેલી જોવા મળેલી.જેથી અમોએ અમારી ગાડી તેની પાસે ઉભી રાખી તે લોકોની રાહ જોતા હતા.થોડીવારમાં સામે આવેલી હોટેલમાથી બે ઇસમો ગાડી તરફ આવેલા તેઓને અમોએ પકડી પાડેલા અને તે સમયે પબ્લીકના માણસો પણ ભેગા થઇ ગયેલા અને તે સમય હાઇવે ઉપર પેટ્રોલીગ કરતી પોલીસની ગાડી પણ આવી ગયેલી.ત્યારબાદ બંને ઇસમોને પકડી કોસંબા પોલીસ સ્ટેશન લઇ ગયેલા. પકડાયેલ ઇસમોના તે સમયે નામઠામ પુછેલા પરંતુ હાલ મને તેમના નામઠામ યાદ નથી.આ લોકોની ગાડીમાંથી બીજી જગ્યાએથી ચોરી કરેલાપાંચ છ મોબાઇલ તેમજ લાયસન્સ મળેલા,જે બધુ પોલીસે કબ્જે કરી લીધેલુ.અમોએ શોધખોળ કરતા હાઇવે ઉપરથી ડ્રાઇવરનુ પેન્ટ મળી આવેલુ જેમાં ડ્રાઇવરનુ લાયસન્સ મળી આવેલુ પરંતુ તેમાં પૈસા હતા નહી.પોલીસે મારી પુછપરછ કરેલી. બનાવને ઘણો સમય થઇ ગયેલ હોય ચોરી કરનાર ઇસમોને જોયે ઓળખી શકુ નહી."

સદરહું ફરીયાદીની આરોપીઓ તર્ફે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ વખતે હુ મારી હોટેલમાં અંદરની બાજુએ હતો. એ વાત ખરી છે કે ચોરી કોણે કરી તે મે નજરે જોયેલ નથી.

(૮/૫) ફરીયાદપક્ષે આંક– પર થી સાહેદ કાસમઅલી શરીફભાઇ સેલીયાનાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, "સને ૨૦૧૫ ની સાલમાં હુ તુલસી હોટેલ, સીયાલજ પાટીયા, જી.સુરત ખાતે મેનેજર તરીકે ફરજ બજાવતો હતો. મારી નોકરીનો સમય સવારે ૯.૦૦ થી ૦૩.૦૦ વાગે

સુધી અને સાંજ ૬.૦૦ વાગે થી રાત્રે ૧૦.૦૦ વાગે સુધીનો હતો. સને ૨૦૧૫ ની સાલમાં સાંજના ૬.૦૦ વાગે હોટેલ ઉપર મારી ફરજ ઉપર આવેલો.અમારી હોટેલના કંમ્પાઉન્ડમાં ટ્રકોનુ પાર્કીગ છે અને તેમના ડ્રાઇવરોને નાહવા ધોવા માટે બાથરુમની વ્યવસ્થા કરેલી છે.હુ કાઉન્ટર ઉપર હાજર હતો તે વખતે એક ટ્રકનો ડ્રાઇવર આવેલો અને મને કહેલ કે હુ નાહતો હતો તે વખતે મારુ પેન્ટ કોઇએ ચોરી લીધેલ છે જેથી હોટેલના માલીક હાજર હોય અમોએ સીસીટીવી ફુટેજ ચેક કરેલા. સીસીટીવી ફુટેજ જોતા એક ઇસમ ડ્રાઇવરનુ પેન્ટ ચોરી કંમ્પાઉન્ડમાં પાર્ક કરેલી કોફી કલરની હોન્ડ અમેજ ગાડી કે જે ગાડીની પાછળના કાચ ઉપર મોટા અક્ષરમાં રામ લખેલુ હતુ તેમાં બેસીને તે જતા હોવાનુ જોયેલુ.ત્યારબાદ હુ તથા ભરતસીહ ફતેસીહ ઠાકોરનાઓ તેમની ઇનોવા ગાડીમાં બેસી ઉપરોકત અમેજ ગાડીને શોધવા કોસંબા થી અંકલેશ્રવર જતા રોડ ઉપર નીકળેલા.કોસંબા ફાટકથી બે ત્રણ કી.મી.આગળ રોડની સાઇડમાં ઉપરોકત અમેજ ગાડી પાર્ક કરેલી જોવા મળેલી.જેથી અમોએ અમારી ગાડી તે ગાડીની આગળ પાર્ક કરેલી.અમેજ ગાડીમાં જોતા કોઈ ઇસમ હાજર હતુ નહી.જેથી અમો ત્યાંજ ઉભા રહી રાહ જોવા લાગેલા.થોડીકવારમાં સામેના ધાબા ઉપરથી બે જણા આવેલા અને ગાડીમાં બેસવા જતા હતા તે વખતે અમોએ તેમને પકડી પાડેલા.તે વખતે લોકોની ભીડ થઇ ગયેલી અને ત્યાં અચાનક પોલીસ પણ આવી ગયેલી.પોલીસના માણસોએ બંને ઇસમોને પકડી કોસંબા પો.સ્ટે.લઇ ગયેલી.અમેજ ગાડીના નંબર હાલ મને યાદ નથી.બનાવને ઘણો સમયે થઇ ગયેલ હોય, અમોએ જે બે માણસોને પકડેલા તેઓને હુ ઓળખી શકુ નહી. હાઇવે ઉપર પોલીસે અમારી કોઇ પુછપરછ કરેલી નહી. પોલીસે મારી હાજરીમાં અમે જ ગાડીમાં તપાસ કરેલી કે કેમ તે હાલ મને યાદ નથી."

સદરહું કામે આરોપી તથા તેમના વિ.વ.શ્રીનો વરંવાર પોકાર કરાવતા કોઇ હાજર નથી. કોઇ રીપોર્ટ નથી. આરોપીનો ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

(૯) ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકા પરથી પુરવાર કરવાનો હોય છે. આ કામે આંક– ૧૧ થી ફરીયાદની વિગત જોતાં ૧૮/૩૦ વાગે મોજે સિયાલજ તુલસી હોટલમા ફરીયાદી પોતાનો ટેન્કર મુકીને હોટલ ઉપર બનાવેલ બાથરૂમ ઉપર ન્હાવવા માટે ગયેલ અને પોતે દિવાલ ઉપર પહેરેલ જીન્સની પેન્ટમા રોકડા રૂ. ૯૫૦૦/– તથા મોબાઇલ ફોન મુકેલ તેની ચોરી થયેલ હોવાની હકીકત છે. ફરીયાદપક્ષે આંક– ૧૦ થી ત.ક. અમલદારને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં તેમની તપાસને અનુરૂપ પુરાવો આપેલ છે. ત્યારબાદ આંક– ૨૪ અને આંક– ૨૭ થી પંચ સાહેદોને તપાસેલા છે. જેમાં તેઓ સરતપાસમાં સ્વીકારે છે કે, પોલિસના માણસોએ તેઓને પોલિસ સ્ટેશને બોલાવેલ અને તેઓની સહીઓ કરાવેલી. કઇ બાબતની સહી કરાવેલ તેની તેમને ખબર નથી. તેમજ તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ ન હોય તેમને હોસ્ટાઇલ જાહેર કરેલ છે. ત્યારબાદ આંક– ૫૦, ૫૧ અને ૫૨ થી સાહેદોને તપાસેલા છે. જેઓ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, તેઓ હોટેલની અંદરની બાજુએ હોવાથી ચોરીનો બનાવ નજરે જોયેલ નથી તેમજ ચોરી કોણે કરેલી તે તેમણે નજરે જોયેલ નથી.

આમ, સદરહું ઉપરોક્ત રજુ કરેલા સાહેદોના પુરાવાથી હાલના કામના આરોપીઓએ જ ચોરી કરેલ હોય, તેવા આક્ષેપો પુરવાર થતા નથી. જેથી, ફરીયાદપક્ષે જે આરોપીઓ સામે પુરાવાઓ રજુ કરેલા છે. તે પુરાવાઓ ઉપરથી ફરીયાદપક્ષ આરોપીઓ સામેના કોઇ આક્ષેપો નિઃશંકપણે પુરવાર

કરી શકેલ નથી. આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ ઇ.પી.કો. કલમ– ૩૭૯, ૧૧૪ અન્વયેનું તહોમત નિશંકપણે પુરપાર કરી શકેલ નથી, જેથી, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–::હુકમ::–**

(૧) આ કામના આરોપીઓને ક્રિ.પ્રો. કોડની કલમ ૨૪૮(૧) અન્વયે ઇ.પી.કો.કલમ– ૩૭૯, ૧૧૪ મુજબના ગુના સબબ શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓએ ક્રિ.પ્રો. કોડની કલમ ૪૩૭ (એ) અન્વયે અપીલ સમયની મુદતનાં રૂા.૧૫,૦૦૦ /– ના જામીન તથા જાતમુચરકા રજૂ કરવા.

(૩) મુદ્દામાલ સરકાર ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ– ૦૧, માહે જુલાઇ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

માંગરોળ (જે.એસ. પરમાર)

તા. ૦૧/૦૭/૨૦૨૬ એડીશનલ ચીફ જયુડીશીયલ મેજી.,

માંગરોલ, જી.સુરત.

**(Judge Code: GJ01155)**